# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# LOK SABHA ELECTION SIXTH PHASE VOTING

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા અંતર્ગત આઠ રાજ્યની 58 બેઠક પર બપોરે એક વાગ્યા સુધી સરેરાશ 39.13 ટકા મતદાન નોંધાયું છે. સૌથી વધુ 54.80 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 34.37 ટકા મતદાન દિલ્હીમાં નોંધાયું છે. ઉપરાંત જમ્મુ અને કાશ્મીરમાં 35.22 ટકા, ઓડિશામાં 35.69 ટકા, બિહારમાં 36.48 ટકા, હરિયાણામાં 36.48 ટકા, ઉત્તરપ્રદેશમાં 37.23 ટકા અને ઝારખંડમાં 42.54 ટકા સરેરાશ મતદાન નોંધાયું છે.

--------------------

## RAJYAPAL MATDAN

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા અંતર્ગત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના વતન હરિયાણાના કુરુક્ષેત્રમાં મતદાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેઓ લોકશાહીની પવિત્ર ફરજ બજાવવા માટે ગુજરાતથી હરિયાણા આવ્યા છે. તેમણે મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી.

-----------------

# JAMNAGAR COUNTING TAIYARI

જામનગર લોકસભાની બેઠક માટે ચોથી જૂને થનારી મતગણતરી માટે વહીવટીતંત્રે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. જામનગરની હરિયા કોલેજમાં મતગણતરી હાથ ધરાશે. પ્રત્યેક વિધાનસભા બેઠક પ્રમાણે મતગણતરી થશે. સાત રૂમોમાં 98 ટેબલો ગોઠવવામાં આવ્યાં છે. 26  થી 27 રાઉન્ડ દરમિયાન મતગણતરી કરવામાં આવશે.

જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી બી.કે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ પ્રત્યેક વિધાનસભા વિસ્તારમાં દરેક  ટેબલ દીઠ ત્રણ અધિકારી અને સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે.

..........

## GPSC RESPONSE SHEET

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા  લેવાયેલી  વર્ગ -3 ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની રિસ્પોન્સ શીટ ઉમેદવારો આજે સાંજે 6 વાગ્યાથી વેબસાઈટ પર જોઈ શકશે. આ પરીક્ષા માટેની પ્રોવિઝનલ આન્સર કી સાથેની રિસ્પોન્સ શીટ મંડળની વેબસાઈટ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે  ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા  એપ્રિલ થી 20 મે 2024 દરમિયાન કમ્પ્યુટર બેઈઝ્ડ રિસ્પોન્સ ટેસ્ટ પદ્ધતિથી સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઇ હતી.

.                    --------------------

# IMD GUJARAT

રાજ્યભરમાં મહત્તમ તાપમાન 47 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યનું સૌથી વધુ 47 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદમાં નોંધાયું હતું. જ્યારે ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 46, બનાસકાંઠાના ડીસા, વડોદરા અને કંડલા એરપોર્ટમાં 45 ડિગ્રી, અમરેલી, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગરમાં 44 ડિગ્રી, કચ્છના ભુજમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સિવાયના તમામ જિલ્લાઓમાં તાપમાન 43 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું.

----------------

# HEATWAVE OVERALL

ગાંધીનગરમાં પણ રેડ એલર્ટની સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ ગરમીના મોજાંને પહોંચી વળવા માટે જરૂરી તમામ આગોતરા પગલાં ભરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે.

જિલ્લા કલેક્ટરે આ સંદર્ભે ઑનલાઈન બેઠક યોજી લૂથી બચવાના ઉપાય અંગે લોકોને માહિતી પહોંચાડવાની સૂચના આપી હતી. ગાંધીનગરમાં ગરમીને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તારની તમામ આંગણવાડી કેન્દ્રનો સમય સવારે સાડા સાત વાગ્યાથી 10 વાગ્યા સુધી કરવામાં આવ્યો છે.

રેડક્રોસ ભાવનગર દ્વારા શ્રમિકો અને વેપાર કરતા લોકોને ટોપી અને ORS પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે હાલ બે હિટ વેવ વોર્ડ શરૂ કરવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં  અત્યાર સુધી હીટસ્ટ્રોકના 47 કેસ નોંધાયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ગોમતીમાતા બીચ પર સેવાભાવી યુવકે પાણીની પરબ શરૂ કરાવી.

.................

# MAHISAGAR GARMI - AKASHVANI

મહિસાગર જિલ્લામાં ગરમીને કારણે પક્ષીઓના મોતની ઘટના બાદ જિલ્લા વહીવટીતંત્રે વૃક્ષો પર પાણીનો છંટકાવ શરૂ કર્યો છે. પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા મુકવામાં આવ્યા છે.

અમારા મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે ગઇકાલે આકાશવાણીમાં પ્રસારિત થયેલા સમાચાર બાદ જિલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું હતું અને આ અંગે તરત જ પગલાં લીધા હતા. જિલ્લા વહીવટીતંત્રે આ અંગે આકાશવાણી વિભાગનો આભાર માન્યો છે..

----------------

# DAMAN - DENGUE

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીમાં ડેન્ગ્યુના રોગને ફેલાતો અટકાવવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ઝૂંબેશ શરૂ કરી છે.

જિલ્લામાં વિવિધ બાંધકામ સ્થળોએ મચ્છરોનું ઉદભવસ્થાન હોવાનું જાણવા મળતાં  મુખ્ય આરોગ્ય અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી, જેમાં જિલ્લાના તમામ બાંધકામ ક્ષેત્રના સુપરવાઇઝરોને ડેન્ગ્યુને અટકાવવા અંગેની તાલીમ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે બાંધકામ સાઇટ ઉપર પાણી ભરાઇ રહેતા ડેન્ગ્યુના મચ્છરોનું ઉત્તપત્તિ સ્થાન જોવા મળતાં આ પગલું લેવાયું છે.

..................................

## SAPUTARA VATAVARAN FERFAR

ડાંગમાં ગિરિમથક સાપુતારામાં વાતાવરણમાં પરિવર્તન આવ્યું છે. ગિરિકંદરામાં ગાઢ ધુમ્મસ અને કાળા ડિબાંગ વાદળ જોવા મળતાં વરસાદની સંભાવના છે. આવા આહલાદક વાતાવરણના કારણે સ્થાનિકો અને પ્રવાસીઓએ પણ ઠંડકનો અનુભવ કર્યો હતો.

.................